# જ્હોનિસબર્ગની બિઝનેસ વુમનના ગોઠણની શહેરમાં સફળ સર્જરી

## હેલ્થ ટૂરિઝમમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવતું વડોદરા

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૨૬

મારા પોતાના દેશના ડોક્ટરોએ મને ખોટી સલાહ આપીને ખોટી દીશા તરફ દોરી હતી. ભગવાનનો અભાર માનુ છુ કે હુ વડોદરામા એક સુરક્ષિત તબીબના હાથમા છુ અને આજે મારા પગે સ્વસ્થ રીતે હરીફરી શકુ છું. સાઉથ આફ્રિકાનુ આર્થિક કેન્દ્ર જ્હોનિસબર્ગની ૪૫ વર્ષિય બિઝનેસ વુમન મીસીસ.વેન્ડિએ વડોદરામા પોતાના ગોઠણના સફળ ઑપરેશન બાદ ૧૧મા દિવસે એટલે કે આજે લાગણીમા વહીને ઉપરોક્ત વાત જણાવી હતી.



ગુજરાતનો સાંસ્કૃતિ વારસો ધરાવતુ વડોદરા શહેર ધીમા પણ મક્કમ પગલે વિશ્વકક્ષાએ હેલ્થ ટૂરિઝમ હબ બનવા આગળ ધપી રહ્યુ છે.પણ યોગ્ય પ્રચાર અને જાગૃતિના અભાવે વડોદરાને જોઇતો બુસ્ટર ડોઝ મળી શક્યો નથી. તેમ છતાં પણ વડોદરા શહેરની શ્રેષ્ઠ હોસ્પિટલો અને નિષ્ણાંત તબીબોના કારણે નજીકના ભવિષ્યમાં જ વિશ્વ કક્ષાએ હેલ્થ સેક્ટરમાં વડોદરાનું નામ ગૂંજતુ હશે તેમા બે મત નથી.

તાજેતરમા જ સાઉથ આફ્રિકાના જ્હોનીસબર્ગ શહેરમા રહેતી અને પોતાનો પ્રિંટિંગ પ્રેસ ધરાવતી વેન્ડિ ખેર્લોપીયનને ગોઠણનો સત્યનાસ વાળી નાંખતા રહ્યુમેટોઇડ આર્થરાઇટીસનો ભોગ બની હતી. છેલ્લા પાંચ વર્ષથી તે ગોઠણની અસહ્ય વેદનાથી પિડાતી હતી.

મીસીસ વેન્ડિએ જ્હોનિસબર્ગ અને સાઉથ આફ્રિકાની અન્ય સારી હોસ્પિટલોને કન્સલ્ટ કરી અને ગોઠણની પીડામાથી મુક્તિ મેળવવા માટે સર્જરી તથા જોઇન્ટ રિપ્લેસમેન્ટનો નિર્ણય કર્યો.

પરંતુ ત્યાના તબીબો અને હોસ્પિટલો સાથે મંત્રણા બાદ વેન્ડિને સંતોષ ન થયો.દરમિયાન અગાઉ વડોદરામા ઘૂંટણની સફળ સર્જરી કરાવી ગયેલા એક પરિચિત દ્વારા વેન્ડિને સલાહ મળી કે ગોઠણની સર્જરી માટે વડોદરા શ્રેષ્ઠ છે.

ત્યાર બાદ તેઓએ વડોદરામા જોઇન્ટ રિપ્લેસમેન્ટના નિષ્ણાંત ડૉ.ભરત મોદીનો સંપર્ક કર્યો અને આજથી ૧૧ દિવસ પહેલા વેન્ડિની જોઇન્ટ રિપ્લેસમેન્ટની સર્જરી સફળ રીતે પુરી કરાઇ. એક પગલુ પણ મુકવામા અસહ્ય દર્દ અનુભવતી હતી તે વેન્ડિને આજે ચાલવામા કોઇ તકલીફ નથી.વેન્ડિએ જણાવ્યુ હતુ કે મારા પોતાના દેશમા મને આવી સેવા અને સારવાર મળી નથી જે અહી વડોદરામા મળી છે

## વિશ્વભરમાંથી અનેક દર્દીઓ વડોદરામાં સારવાર માટે આવશે

# દ.આફ્રિકાની દર્દીએ વડોદરામાં ઘૂંટણના સાંધાની સર્જરી કરાવી

(પ્રતિનિધિદ્વારા) • વડોદરા,શનિવાર

દક્ષિણ આફ્રિકાના અદ્યતન સ્વાસ્થ્ય સુવિધા ધરાવતા શહેર જોહાનિસબર્ગમાં પોતાની સારવારની નિયત થઇ ગયેલી ગોઠવણને પડતી મુકીને એ જ દર્દની સુશ્રુષા માટે વડોદરા પર પસંદગીનો કળશ ઢોળનાર વિદેશી દર્દીને અહીંના પ્રતિભાવથી સંપૂર્ણ સંતોા છે. હાલ તેઓ ઓપરેશન પછીનો આરામ કરી રહ્યાં છે.

## અસહ્ય દર્દથી અગાઉ રોઈ પડતાં વેન્ડી હવે વડોદરા પર ખુશ છે

હાલમાં ફુટાબોલ વર્લ્ડકપની કીકોથી ગાજતા દક્ષિણ આફ્રિકાના વેન્ડી એર્લોપિયન નામની મહિલાના ડાબા ઘૂંટણમાં રહ્યુમેટોઇડ આર્થરાઈટિસની તકલીફ હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ સમસ્યા એટલી વકરી હતી કે એક-એક ડગલું ભરતાં તેઓ રોઇ પડતાં.

વડોદરાના આર્થોપ્લાસ્ટિ સર્જન ડો. ભરત મોદી ઝામ્બિયામાં વ્યાખ્યાન માટે ગયા હતા એ દરમિયાન વેન્ડીને એમની જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી વિષેના અનુભવની માહિતી મળતાં દર્દી અને તબીબની મુલાકાત યોજાઇ. પરદેશી દર્દીને ભારતીય તબીબની કામગીરી વિષેની માહિતીથી સંતોષ થતા જોહાનિસબર્ગમાં થઇ ચુકેલી એમના પગના ઓપરેશનની તૈયારીઓને પડતી મુકી એમણે વડોદરામાં સુશ્રુષા લેવાનું નક્કી કર્યુ હતું.

પતિ સાથે વડોદરા આવેલા દક્ષિણ આફ્રિકી મહિલાની સર્જરી કરી એક સપ્તાહ અગાઉ એમના ડાબા ઘૂંટણનો સાંધો બદલવામાં આવ્યો. આજે એમને ઘણી રાહત છે. કોઈપણ આધાર વિના ચાલી શકે છે. આ સારવારનો ખર્ચ એમના સ્વેદેશની તુલનો માત્ર ત્રીજા ભાગનો જ આવ્યો.નોંધનીય છે કે, દક્ષિણ આફ્રિકામાં અગાઉ થયેલા નિદાનથી ઊંધુ એન્ડીના જમણા પગે ઉપરોક્ત સર્જરીની કોઈ જરૂર નહોતી. સામાન્ય સારવારથી એ પગ પણ ઠીક થઈ ગયો.અન્ય એક કેસરૂપે નાઈજિરિયાના ડાયો અકુગને ડો. મોદી પાસે ગોઠણ અને થાપાના ફેક્ચરની સારવાર મેળવી છે. ફિજીના ભૂતપુર્વ વડાપ્રધાન સિતિવેની રાબુકા પણ ઘૂંટણના સાંધાની સર્જરી માટે અહીં આવ્યા હતા. ડો. મોદીએ ખાતરીપૂર્વક જણાવ્યું કે આગામી થોડા જ વર્ષોમાં વડોદરા મેડિકલ હબ તરીકે નામના પ્રાપ્ત કરશે.